# ડીસાની શૉ મિલોમાં રાત્રે મોટાપાયે ઠલવાતુ લીલુ લાકડુ

## રાતભર ટ્રેક્ટર, ટ્રક અને ઊંટલારી મારફતે લીલા લાકડા શો મિલોમાં આવે છે

ડીસા, તા. ૧૮

ડીસા શહેરના પાટણ હાઈવે વિસ્તારમાં આવેલી શૉ મિલોમાં મધરાતથી વહેલી સવાર સુધી લીલા લાકડા ભરેલી ગાડીઓ ઠલવાય છે અને તે પણ જંગલ વિભાગ અને પોલીસ વિભાગના કેટલાક કર્મચારીઓની મીલી ભગતમાં લીલા લાકડા કાપનારા ઈસમો શૉ મીલ સુધી બિન્દાસ પોતાની ગાડીઓ મોકલી રહ્યા છે.

ડીસા શહેરના પાટણ હાઈવે વિસ્તારમાં આવેલી શૉ મિલોમાં આસપાસના ગામડાઓમાંથી મોટા પાયે લીલા લાકડા ઠલવાય છે. એક તરફ જંગલો અને વૃક્ષોનો સફાયો થઈ જતા પર્યાવરણની સમતુલા ખોરવાઈ ગયા છે ત્યારે બીજી તરફ શૉ મીલવાળા વૃક્ષ કટીંગના ધંધાને પ્રોત્સાહન આપી રહ્યા છે. વળી, જંગલ વિભાગ અને પોલીસતંત્રના કર્મચારીઓ શૉ મિલવાળા પાસેથી મોટી રકમનું ઉઘરાણુ કરતા રહે છે. એટલું જ નહી વનવિભાગ અને પોલીસના માણસો રાત્રે લાકડા ભરીને આવતી ટ્રકો, ટ્રેક્ટરો અને ઊંટલારીઓને સરકારી ઉઘરાણી કરે છે.



આમ એક તરફ વન વિભાગ અને પોલીસ ખાતુ પર્યાવરણ જાગત્તિના કાર્યક્રમો કરે છે. જ્યારે પાછલા બારણે વૃક્ષછેદન અટકાવવાને બદલે આવા ઈસમો પાસેથી ઉઘરાણુ કરી આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યું હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ત્યારે પર્યાવરણપ્રેમી અધિકારી દ્વારા રાત્રે પાટણ હાઈવે વિસ્તારમાં ગુપ્ત રાહે ચેકિંગ હાથ ધરવામાં આવે તો પર્યાવરણ અને જંગલોને બચાવોના જે પગાર લે છે તેમની મીલી ભગત અને ભ્રષ્ટ નીતિના કારણે લીલાવૃક્ષોનું નિકંદન થઈ રહ્યું હોવાનું બહાર આવી શકે છે.



પાટનગર યોજના વિભાગના મુખ્ય ઈજનેર તેમજ અધિક સચિવ ઝેડ એમ પટેલના જન્મદિવસ નિમિત્તે શનિવારે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહાત્મા મંદિર તેમજ સે-૭ અને ૨૯ માં નવા આવાસોના સંકુલમાં રહીશોને હરિયાળીમાં વિસામો મળે તેવા ઉમદા આશયથી વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા નાયબ ઈજનેર આર એસ પટેલ, એમ બી ભટ્ટ શાપુરજી કુ ના હેડ નિલેશ ભગત એલ એન્ડ ટીના મીર તેમજ સેપ્ટના મહેશ ભાવસાર હાજર રહયા હતા. આ તબકકે પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા તેમજ તેમની ટીમ સહીતના અધિકારીઓએ દર વર્ષે સો વૃક્ષોની વાવણી તેમજ તેનુ જતન કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

# ડીસામાં કોર્પોરેટરનું દુષ્કર્મ : સગીરા પર બળાત્કાર

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ભાજપના નગરસેવકે ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ કર્યું હોવાની ઘટના સામે આવતા સનસનાટી મચી જવા પામી છે. જે અંગે દક્ષિણ પોલીસે આરોપીને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સ્ત્રી સશક્તિકરણની વાતો કરતી ભાજપ સરકાર પર એક મોટો બટ્ટો લાગ્યો છે. ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના સદસ્ય જીતુ રાણા સામે સગીર વયની કિશોરી સાથે બળાત્કાર કરવાના આક્ષેપો થયા છે. જીતુ રાણા ડીસા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીમાંથી ચૂંટાયેલ છે. જીતુ રાણા સામે ડીસા શહેરના વેલુનગર વિસ્તારની એક ૧૫ વર્ષીય સગીરાએ બળાત્કારના આરોપ લગાવ્યા છે. આ સગીરાએ ભાજપના સદસ્ય સામે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. સગીરાના જણાવ્યાનુસાર ભાજપ સદસ્ય જીતુ રાણાએ તેને શુક્રવારે મોડી રાત્રે મારી સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આ બાબતની જાણ જો કોઈને કરી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દુષ્કર્મનો ભોગ બની ચુકેલી આ સગીરાએ સમગ્ર વાત તેના પરિવારજનોને કરતા સગીરાના પરિવારજનો અને સમાજના આગેવાનો સગીરાને લઈ ડીસા શહેર દક્ષિણ પોલીસમથકે પહોંચી ગયા હતા. ભાજપના કોર્પોરેટર સામે સગીરા સાથે દુષ્કર્મ આચરવાની ફરિયાદ નોંધાવતા ડીસા શહેર દક્ષિણ પોલીસે તાત્કાલિક ભાજપના પાલિકા કોર્પોરેટરની અટકાયત કરી દીધી છે. આ ઘટના અંગે ડીસા શહેર દક્ષિણ પોલીસમથકના પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

**ડીસા ન.પા.વોર્ડ - ૧ ના સભ્ય જીતુભાઈ રાણાને ભાજપના સભ્યપદેથી સસ્પેન્ડ કરાયા**

**ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આદેશ અનુસાર ડીસા ન.પા.વોર્ડ ૧ માં ભાજપમાંથી ચૂંટાયેલા સભ્ય જીતેન્દ્રકુમાર જેસિન્હભાઈ રાણા (જીતુ રાણા) ને તાત્કાલીક અસરથી ભાજપના સભ્યપદેથી સસ્પેન્ડ કરેલ છે.**

ડીસા નગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના સદસ્ય સામે બળાત્કારના સંગીન ગુન્હાની ફરિયાદ નોંધાતા રાજકીય મામલો પણ ગરમાઈ ગયો છે. આ ઘટનાને પગલે ડીસા શહેર દક્ષિણ પોલીસમથકમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોના ધાડેધાડા ઉમટી પડ્યા હતા.



## અનાથ બાળકોને બાલોદ્યાનની મોજ કરાવી આગોતરો જન્મદિન ઉજવ્યો

'સાચી ખુશી એ જ છે જે અન્યના ચહેરા પર ખુશી રેલાવે' આમ તો પોતાના જન્મ દિવસની પાર્ટીઓમાં મિત્રો-સ્નેહીજનોને આમંત્રણ આપી ધૂમ મચાવવી તે ચલણ સર્વત્ર જોવા મળે છે પરંતુ આ દિવસ નિમિત્તે જરૂરિયાતમંદના ચહેરા પર ખુશીનું સ્મિત રેલાવવાનો પ્રયાસ કરનારા ખૂબ ઓછા જોવા મળે છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના મહિલા સભ્ય હિરલબા વાઘેલાના પુત્ર મિગેન્દ્રસિંહનો જન્મ દિવસ આમ તો તા. ૨૨મી જૂને છે પરંતુ તેઓ તેમનો જન્મ દિવસ ઉજ્જૈન ખાતે ઉજવવાના હોઈ ગાંધીનગરના સેક્ટર-૨૮ના બાલોદ્યાનમાં શનિવારે તેમણે અનોખી આગોતરી પાર્ટી યોજી હતી. આ પાર્ટીમાં તેમણે સેક્ટર-૨૫ના શિવમ એજ્યુકેશનના ૪૦ અનાથ બાળકોને બાલોદ્યાનની તમામ રાઈડ્સની મોજ કરાવી તે ઉપરાંત તેમને પાણીપુરી તથા કોલ્ડડ્રિંક્સની જયાફત કરાવી હતી. આટલુ જ નહી તે અગાઉ સવારે તેમણે સિવિલ હોસ્પિટલના બાળ દર્દીઓને કપડાનું વિતરણ કર્યુ હતુ તેમજ વૃદ્ધાશ્રમના વડિલોને શીરો જમાડ્યો હતો. બાલોદ્યાનમાં રાઈડ્સની મોજ માણીને બાળકો ખૂબ ગેલમાં આવી ગયા હતા.




ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા ફતેપુરા(વારીગૃહ) ખાતે આવેલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શનિવારના રોજ ૨૨૫ સ્કૂલ બેગનું વિતરણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે ફતેપુરા (વારીગૃહ) પ્રાથમિક શાળાને ભારત વિકાસ પરિષદ દ્વારા દત્તક લેવામાં આવી છે. જેને અનુલક્ષી વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા અનેક સેવાકીય કાર્યક્રમો આ શાળામાં કરવામાં આવે છે. ભૂતકાળમાં સંસ્થા દ્વારા આ શાળાને જમીન દાન કરીને શાળાના ઓરડા બનાવવામાં પણ ઉદાર હાથે મદદ કરેલી છે. ત્યારે આ સેવાકીય કાર્યમાં સંસ્થાના પ્રમુખ ચંદ્રકાંત રાવલ સાથે સૌ હોદેદાર સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# નિઃશુલ્ક સ્તન કેન્સરના નિદાન તેમજ રાહત દરે ઓપરેશન અંગે કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં સ્તન કેન્સર વિશેષ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે ત્યારે મહિલાઓમાં જાગૃતિ લાવવા ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન બકેરી મેડીકલ રીસર્ચ સેન્ટર દ્વારા તા. ૧૮ જુન, ૨૫, જુન, ૨ જુલાઈ, ૯ જુલાઈ, ૧૬ જુલાઈ એમ પાંચ રવિવારના રોજ સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન નિઃશુલ્ક સ્તન કેન્સરનો નિદાન કેમ્પ યોજાશે તેમજ ૧૮ જુન અને ૧૬ જુલાઈના સમયગાળા દરમિયાન ઓપીડીમાં આવતા દરેક દર્દીઓને વિના મૂલ્યે તપાસવામાં આવશે. આ સાથે સોમવારે સવારે અને બપોરે, મંગળવારે સવારે, ગુરુવારે બપોરે, શુક્રવારે અને શનિવારે સવારે ઓપીડીમાં સમય ૯ થી ૧૦.૩૦ અને બપોરે ૩ થી ૪.૩૦ કલાક દરમિયાન તપાસવામાં આવશે. જેનો લાભ લેવા ડૉ. પરેશ પરીખે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડોદરા ખાતે ૫૦મું બ્રહ્મ સમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપક્રમે બ્રહ્મ સમાજ જીવન સાથી પસંદગી સંમેલન ૫૦મું આગામી તા.૨૨-૧૧૦-૧૭ને રવિવારના રોજ વડોદરા અકોટા સ્ટેડીયમ પાસે આવેલ સયાજીનગર સભાગૃહ ખાતે યોજાશે. આ જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારને વિના મુલ્યે ફોર્મ ગાંધીનગરમાં કાન્તીલાલ બાલશંકર વ્યાસ પ્લોટ નં- ૩૫૩-૨ એ સે-૧૨ સી પોલીસ ચોકી પાસે તેમજ નિખિલભાઈ જાની માધવ ઈલેક્ટ્રીક સ્ટોર, સંગાથ બે નીબાજુમં મોટેરા સ્ટેડીયમ રોડ, મોટેરા સાબરમતિ પાસેથી મેળવવાના રહેશે. આ ઉપરાંત ઉત્સુક ઉમેદવારે ફોર્મ વિના મુલ્યે ઘરે બેઠા મેળવવા માટે પોતાના સરનામાની વિગત સાથેની જાણ ટપાલથી શ્રી ચાણકય સેવા ટ્રસ્ટના અધ્યક્ષ અને બ્રહ્મસમાજના મહામંત્રી ઈશ્વર દવે ૯ કમલકુંજ સોસાયટી અર્પણ કોમ્પ્લેકક્ષ પાસે નિઝામપુરા વડોદરાને જાણ કરવી.

# મોડાસાના લઘુમતિ સમાજની યુવતીનો પ્રેરક અભિગમ

મોડાસા, તા. ૧૮

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા બેટી પઢાવો બેટી બચાવો અને નારી સશક્તિકણ માટે અથાગ પ્રયત્નો આદર્યા છે. ત્યારે મોડાસાની લઘુમતિ સમાજની એમ.બી.એ. (અર્થશાસ્ત્ર) અને એલએલબીમાં ગોલ્ડ મેડાલીસ્ટ નાસેહા કાંકરોલીયાએ આજના આધુનિક યુગમાં એક પુસ્તક લખી તેના વિચારો દ્વારા લોકો સકારાત્મક બને અને આજની યુવતીઓ અને નારી સશક્ત બને તે માટે પ્રેરણારૂપી લખેલ 'જીવન સાફલ્ય' નામનુ પુસ્તક ખુબ જ પ્રસંશા પ્રાપ્ત કરી રહ્યું છે.

મોડાસાની મુસ્લીમ યુવતિ નાસેહા કાંકરોલીયા બાળપણથી જ સાહિત્યમાં રસ ધરાવતી હતી અને સતત પુસ્તકો વાંચવાનો શોખ ધરાવતી હતી. નાસેહા કાંકરોલીયા ભણવામાં અવ્વલ હતી અને મોડાસા આર્ટસ કોલેજમાં અર્થશાસ્ત્ર સાથે ગ્રેજ્યુએશન બાદ એમબીએ અને એલએલબીમાં ગોલ્ડ મેડાલીસ્ટ મેળવી હાલ



વિદ્યાનગરની ઈન્ડેશીયન બેંકમાં અધિકારી તરીકે ફરજ બજાવતી યુવતિએ આજના આધુનિક યુગમાં લોકો સકારાત્મક બનો અને આનંદમય જીવન કઈ રીતે જીવી શકાય તે માટે સતત વિચારો અને સામાન્ય જણાતા લોકો પણ તેના પુસ્તકમાંથી પ્રેરણા મળે તેવા ઉમદા હેતુથી 'જીવન સાફલ્ય' નામનુ પુસ્તક આણંદના સાહિત્ય પ્રકાશનના સહયોગથી બહાર પાડ્યુ છે. મોડાસામાં શબ્દસેતુના પ્રમુખ ડૉ. જીગ્નેશ સુથાર દ્વારા પુસ્તક અને નાસેહા કાંકરોલીયાની પ્રસંશા કરી લોકો સકારાત્મક રીતે જીવતા થાય તેવા ઉમદા પ્રયાસને બિરદાવ્યો હતો.

નિરમા જેવી જાયન્ટસ કંપનીને તેના અભ્યાસ દરમિયાન નાના પેકેજીંગનો આઈડીયા આપી નિરમા કંપનીમાંથી તેના નાના આઈડીયાના બદલામાં પુરસ્કૃત કરી ગોલ્ડમેડલથી નવાજવામાં આવી હતી. બાળપણથી સકારાત્મક વિચારો અને સતત વાંચનની પ્રવૃત્તિથી સામાન્ય જીવન જીવતા લોકો માટે સકારાત્મક બને અને જીવન જીવવાની પ્રેરણા મળે તે માટે સતત પ્રયત્નશીલ નાસેહા કાંકરોલીયા હજુ પણ તેના લખાણ દ્વારા સમાજમાં ક્રાંતિ સર્જવાની આદમ્ય ઈચ્છા ધરાવે છે.

## હાથ ધરાયેલ કવાયત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારે વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં વિભાગનું નામ બદલવાની જાહેરાત કરી હતી અને તેના પગલે જ આ પુનઃગઠનની દિશામાં આગળ વધવામાં આવી રહ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ વખતે સરકારે એટલે જ કૃષિ મહોત્સવના માળખામાં ફેરફાર કરી સમગ્ર બાબતના સંકેત આપવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળેલ છે. જો કે કૃષિ વિભાગની મહત્વની ઘણી બધી જગ્યાઓ ખાલી છે તે પણ ચિંતાનો વિષય છે. વિસ્તરણ અધિકારીઓ, ગ્રામસેવક ખેતી સહિતની મહત્વની જગ્યાઓ વિશે અલગથી વિચારણા ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

## ટેકો આપવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઠાકરેની પાર્ટીએ પહેલા કહ્યું હતું કે, ચૂંટણીમાં તેઓ સ્વતંત્ર રસ્તો અપનાવી શકે છે. વિતેલા વર્ષોમાં શિવસેનાએ બે વખત એનડીએને ફટકો આપ્યો છે. જે પૈકી એક વખતે પ્રતિભા પાટીલને અને બીજી વખત પ્રણવ મુખર્જીને સમર્થન આપ્યું હતું.

## હિંસા વકરી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દાર્જિલિંગમાં જોવા મળતી સતત હિંસા બાદ રવિવાર સવારે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે વાત કરી હતી. સીએમ મમતા બેનરજીએ દાર્જિલિંગની પરીસ્થિતિ અંગે વાત કરી હતી અને વધુ સેના મદદ માટે મોકલવાની અપીલ કરી હતી. રાજનાથ સિંહે કહ્યું કે, સ્થિતિ પર કાબૂ લેવા માટે રાજ્ય સરકારે ભારત જેવા લોકશાહી દેશમાં કોઈ પણ સમસ્યાનું સમાધાન હિંસા નથી. દરેક મુદ્દાઓનું નિરાકરણ વાતચીતથી જ શક્ય બને છે. તો વધુમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, હું દાર્જિલિંગના લોકોને અપીલ કરૂ છું કે તેઓ શાંતિ બનાવી રાખે. કોઈપણ લોકો હિંસાનો માર્ગ અખત્યાર ન કરે. જીજેએમ ચીફ બિમલ ગુરંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના નિવેદનને સફેદ જૂઠ ગણાવ્યું છે. તો બિમલ ગુરંગે વધુમાં કહ્યું કે, 'મમતા બેનરજી કહી રહ્યાં છે કે અમારે ઉત્તર-પૂર્વીય સ્થિત આતંકવાદી જૂથ સાથે સંગઠન છે, પરંતુ આ ખોટી વાત છે.' ગુરંગે જણાવ્યું કે, તેઓ અમારા આંદોલનને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. અમે અમારૂ આંદોલન યથાવત જ રાખીશું, જો પોલીસ અમને રોકવાનો પ્રયત્ન કરશે તો વધુ મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

## ઉદ્ધવની સાથે ચર્ચા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપ પ્રમુખ અમિત શાહે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે તેમના આવાસ ઉપર બંધ બારણે ૭૫ મિનિટ બેઠક યોજી હતી. અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ઉદ્ધવ ઠાકરેના આવાસ માતુશ્રી પહોંચ્યા હતા. ત્યારબાદ બેઠક શરૂ થઈ હતી. આ બેઠક સવારે ૧૦ વાગે શરૂ થઈ હતી અને ૭૫ મિનિટ સુધી ચાલી હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે અમિત શાહે એક દિવસ પહેલા જ કહ્યું હતું કે, તેમની પાર્ટી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર નક્કી કરતા પહેલા પોતાના સાથી પક્ષો સાથે વાતચીત કરશે. અમિત શાહ ત્રણ દિવસ માટે મહારાષ્ટ્રના પ્રવાસમાં છે. શિવસેનાએ તાજેતરમાં જ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે ગ્રીન ક્રાંતિના જનક એમએસ સ્વામીનાથનના નામનું સૂચન કર્યું હતું. ઠાકરેની પાર્ટી પહેલાથી જ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તે સ્વતંત્ર રસ્તો પસંદ કરી શકે છે. અગાઉની બે ચૂંટણીમાં શિવસેનાએ એનડીએને ચોંકાવી દઈને પ્રતિભા પાટીલ અને પ્રણવ મુખર્જીને ટેકો આપ્યો હતો. મધ્યસત્ર ચૂંટણી માટે તૈયાર છે તેવા ફડનવીસના નિવેદન અંગે અમિત શાહે કહ્યું હતું કે, તેમનો મતલબ એ હતો કે, જો મધ્યસત્ર ચૂંટણી લાદવામાં આવશે તો ચૂંટણી લડવા માટે અમે તૈયાર છીએ. મહારાષ્ટ્ર સરકાર તરફથી હાલમાં જ જાહેર કરવામાં આવેલી દેવા માફીની યોજના અંગે શાહે કહ્યું હતું કે, આના મારફતે સરકાર ખેડૂતોને રાહત આપી રહી છે.

## વોટસએપ ઓફ ધી વિક

● ૪ પાનાનું ચાલુ...

પસાર કરીને રસ્તા પર આવ્યા. અહીંતહીં આસપાસ જોયું, તો થોડા જ અંતર પર કોઈ બેસેલું જણાયું. તે દિશામાં આગળ વધ્યા તો એક મધ્યમ ઉંમરની સ્ત્રી દેખાઈ, કે જે પોતાના દસ અગિયાર વર્ષના દીકરાને પોતાની આસપાસ વીંટાળીને બેઠી હતી. છોકરું પણ માને વળગીને સુનમુન પડ્યું હતું. પહેલી નજરે જ દેખાઈ આવતું હતું, કે બાઈ અશક્ત, રોગિષ્ટ અને કેટલાય ટંકની ભૂખી હશે.

ડોક્ટરે પોતાના હાથમાંની થેલી તે સ્ત્રીના હાથમાં પકડાવી, અને ત્યાંથી પાછા વળવા ઊંધું ફર્યા, કે તે સ્ત્રીનો અવાજ સંભળાયો. પોતાનાં સંતાનને તે કહી રહી હતી, "જો, છે ને દીકરા...! મેં તને કીધું'તુને, કે આજે આપણને ખાવા મળશે જ. તું ભગવાન પર ભરોસો રાખ...! ને જો..દેવબાપાએ કેવો જોગ કરી આપ્યો..!' ખલાસ...! આ સાંભળીને ડૉક્ટર સાહેબનો પિત્તો ગયો. તેઓ પેલી સ્ત્રી તરફ બરાડી ઉઠ્યા, 'ઓ..ચૂપ કર. આ ભગવાન, દેવ વગેરે કંઈ જ નથી હોતું. આ ખાવાનું હું લઈ આવ્યો છું તારા માટે, ભગવાન નહીં. હું આ બધુંય ફેંકીયે શકતો હતો, પણ તો ય હું નીચે ઉતરીને છેક અહીં સુધી તને દેવા આવ્યો. શું આ બધું દેવ, ભગવાન..ને એવું બધું શરૂ કરી દીધું છે, તે ક્યારનું..? નોનસેન્સ..!'

'સાહેબ, તમે આ ખાવાનું મારા માટે લઈ આવ્યા તેનો પાડ માનું છું હું તમારો. પણ સાહેબ, આ ભગવાન તો માણસમાં જ હોય છે ને...! અમથા જ આપણે તેને ચાર હાથ, ને મુગટ લગાડીને ફોટામાં બેસાડી દઈએ છીએ. મારા માટે તો ભાઈ, તે દરેક માણસ, કે જે સારા કર્યો કરે છે, તે ભગવાન જ છે. આપણે અમસ્તા જ તેને ખોટી જગ્યાએ, ને ખોટી પદ્ધતિથી શોધતા ફરીએ છીએ, બસ એટલું જ. મારા માટે તો તમે જ ઈશ્વર છો. આજે તમે મારા દીકરાનું પેટ...ને મારી આંતરડી ઠારી છે. તમારું ભલું થશે જ એવા એક માના આશીર્વાદ છે તમને.'

ડોકટર, પેલી બાઈના વાક્યો સાંભળી સુન્ન થઈ ગયા. એક બીમાર, રોગી, અશક્ત, ભૂખી સ્ત્રી તેમને કેટલું મોટું તત્વજ્ઞાન શીખવી ગઈ. તેઓ એ જ વિચારોમાં ગરકાવ થઈ ગયા કે આ વાત તેમનાં પોતાના મગજમાં કેમ ક્યારેય ન આવી ? સદકાર્ય કરનાર પ્રત્યેક માનવી ભગવાન જ હોય છે...ને દરેક સત્કર્મમાં પ્રભુનો વાસ હોય છે, એ વાત ક્યારેય કેમ તેમના ધ્યાનમાં ન આવી..?' ઈશ્વર પર વિશ્વાસ રાખો' એવું આપણે કહીએ છે તેનો ખરો મતલબ શું હોય છે? તો એ જ કે, આપણને સારા માણસનો ભેટો થશે જ...સારી પરિસ્થિતિનું નિર્માણ થશે જ...બસ, આ જ વાત પર વિશ્વાસ રાખવાની એ વાત હોય છે. ડોકર સાહેબે પાછા વળીને, ફરી તે ભીખારણ સ્ત્રી તરફ જોયું...તેમની માન્યતાઓ પર વજાઘાત કરીને પોતાના ભૂખ્યા સંતાનને તે કોળિયા ભરાવી રહી હતી. તેનાં ચહેરા પર પ્રસરેલી આનંદ અને મમતાની આભાથી ડોકટર સાહેબ વિચલિત થઈને ગળગળા થઈ ગયા. કોણ, ક્યારે, શું શીખવી જાય છે, તેનો અંદાજો આવી જતાં, અજાણતા જ તેમના બંને હાથ તે સ્ત્રીની સમક્ષ જોડાઈ ગયા.

- અશ્વિન

Last Seen :

એને આટલો બધો બહેલાવવો રહેવા દે,
એ પત્થરને તું હવે ફોસલાવવો રહેવા દે,
એટલે જ એ ફુલાઈને ઉપર જતો રહ્યો છે,
પ્રાર્થના કરે તો પછી હાથ ફેલાવવો રહેવા દે.

- હિતેશ

- nehalgadhavi101@gmail.com

## કાયદા અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

કરતા નથી દર્દીનો રેકોર્ડ સગાને ૭૨ કલાકમાં આપવાનો નિયમ છે જે એક પણ ખાનગી હોસ્પિટલ પાલન કરતી નથી કેટલીક મોટી હોસ્પિટલો તો દર્દીનો રેકોર્ડ પોતાના પાસે જ રાખી હોસ્પિટલ બદલવા માંગતા દર્દીને પરેશાન કરી કેસ હિસ્ટ્રી સોંપતા નથી તેથી બીજી હોસ્પિટલમાં તથા રીપોર્ટ કઢાવવાની માનસીકતાથી દર્દી કંટાળી માનસીક નાણાકીય તથા આર્થિક રીતે ખતમ થઈ જાય છે. ગતિશીલ ગુજરાતમાં કયારે મેડિકલ ક્લીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એકટ ૨૦૧૦ નો અમલ કરશે તે ભગવાન જાણે. જાગો દર્દીઓ જાગો...

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કૂચબિહાર રાજ્યની ઝુંબેશ ચલાવાઈ રહી છે. તેઓ તો ભારત સાથે કૂચબિહારના જોડાણને ગેરકાનૂની ગણાવવા સુધી જાય છે. પંદર વિધાનસભા બેઠક ધરાવતા કૂચબિહાર અને જલપાઈગુડી જિલ્લાઓને કૂચબિહાર રાજ્ય તરીકે સ્થાન આપીને વાયવ્ય બંગાળના આ પ્રદેશમાં સ્વતંત્ર રાજ્ય રચવા આગ્રહ કરાય છે. કૂચબિહારના રાજવી પરિવાર સાથે જયપુર રાજઘરાના તથા વડોદરા રાજવી પરિવારનો પણ સંબંધ આવે છે. જયપુરનાં મહારાણી ગાયત્રી દેવી કૂચબિહારનાં રાજકુમારી હતાં અને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનાં રાજકુમારી ઈંદિરા રાજે કૂચબિહારના મહારાજાને પરણ્યાં હતાં. નવાં રાજ્યોની માગણીઓ સંદર્ભે રાજકીય શાસકોએ છાસ પણ ફૂંકીને પીવા જેવા સંજોગો છે. માત્ર રાજકીય લાભ ખાટવાની ટૂંકી દ્રષ્ટિએ વિચારવાને બદલે સમગ્ર રાષ્ટ્રનો વિચાર કરવાની જરૂર ખરી.

- haridesai@gmail.com

## હોકી વર્લ્ડ લીગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાર ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરશે. ભારતીય ટીમ અહીં પોતાના અભિયાનની શરૂઆત ૧૫મી જૂનના દિવસે કરી ચુકી છે. તમામ ટીમોની નજર આ ટુર્નામેન્ટ મારફતે ઓલિમ્પિકમાં ક્વાલીફાઈડ ઉપર કેન્દ્રીત રહેશે. છ નંબર પર રહેલી ભારતીય ટીમ રેન્કિંગમાં સુધારો કરવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. વર્લ્ડ હોકી લીગ સેમિફાઈનલ લંડન અને જોહાનિસબર્ગમાં રમાશે. વર્ષ ૨૦૧૮ વિશ્વકપમાં સ્થાન મેળવવા માટે ભારતીય ટીમ મેદાનમાં ઉતરશે. સાત ટીમ અહીંથી ભૂવનેશ્વરમાં યોાજાનાર વર્લ્ડ હોકી લીગની ફાઈનલમાં જગ્યા બનાવશે. ૧૦ ટીમોને વર્લ્ડ હોકી લીગની સેમિફાઈનલમાં ૨૦૧૮ વિશ્વકપથી તક મળશે. ટુર્નામેન્ટને લઈને ભારે રોમાંચની સ્થિતિ છે. ભારતીય ટીમ ખુબ જ મજબૂત ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.